જોડામાં મીઠું
માઈકલ જોર્ડન
એક સ્વપ્નાની શોધમાં



ડેલોરીસ જોર્ડન,
રોઝલિન જોર્ડન સાથે
ચિત્ર: કાદિર નેલ્સન

જોડામાં મીઠું

માઈકલ જોર્ડન

એક સ્વપ્નાની શોધમાં

ડેલોરીસ જોર્ડન, રોઝલિન જોર્ડન સાથે

ચિત્ર: કાદિર નેલ્સન

મારી આશા છે કે આ પુસ્તકના પાઠક અને શ્રોતા એમાંથી પ્રેરણા લઈને પોતાના સ્વપ્નોનો પીછો કરી શકશે. જેમ માઈકલે કર્યું હતું - પોતાનું લક્ષ્ય નક્કી કરીને, એને પામવા માટે અથાગ પરિશ્રમ કરીને, અને સમર્પિત રહીને. જયારે આપણે આ બધું કરીયે છીએ, ત્યારેજ આપણા સ્વપ્ના સાકાર થઈ શકે છે, અને હકીકતમાં થાય પણ છે. એ જ કારણથી હું આ પુસ્તક એ અનેક બાળકોને સમર્પિત કરું છું, જે કહે છે કે "હું આ કરી જ નથી શકતી/શકતો," અથવા "જો મારામાં એ પ્રતિભા હોત તો," "જો પ્રભુએ મને એ શક્તિ આપી હોત તો!"

હું એને કહેવા ચાહું છું કે "તમે બધા પ્રતિભાશાળી છો, ખાસ છો. પ્રભુની તમારા બધા માટે એક યોજના છે; તમારી જાત પર ભરોસો રાખો અને જાઓ અને તમારા સ્વપ્નાનો પીછો કરો."

- ડી. જે.

દરેક સારી અને સંપૂર્ણ ભેટ ઉપરથી જ આવે છે. સ્વપ્ના જોવા માટે, ભરોસો કરવા માટે, અને આ ધરતી પર હોવાની ભેટ માટે હું પ્રભુનો આભારી છું. હું આ પુસ્તક એ બધા બાળકોને સમર્પિત કરું છું જે ગરુડ જેવી પાંખ પામવા અને ઊંચે ઉડવાના મનસૂબા રાખે છે. ઈશ્વરની કૃપાથી તમે ઉડી શકશો. એટલે ઉડો.

- આર. એમ. જે.

માઈકલને બાસ્કેટબોલ રમવાનું પસંદ હતું.

દર શનિવારે એ એના મોટા ભાઈઓ, લેરી અને રોનીની પાછળ-પાછળ પાર્ક જતો હતો. એ આશામાં કે કદાચ એ એને પણ રમવા દે. અને જેની સાથે એ સામાન્ય રીતે રમતા હતા, એમાંથી કોઈ એક ખેલાડી ન આવતો, તો એ એને પણ રમવા દેતા હતા. પણ એક સમસ્યા હતી: એનું નામ માર્ક હતું. એ બાસ્કેટબોલ રમવાવાળામાં સૌથી લાંબો છોકરો હતો.



"શું વાત છે, માઇકી, કંઈક વધારે ઠીંગણો નથી?" માર્કે માઇકલના ચહેરા સામે હાથ નચાવતા વ્યંગ કર્યો.

"અરે અહીં!" લેરીએ બૂમ પાડી. પણ જયારે માઇકલે બોલ ઉછાળ્યો, તો માર્કના હાથ કોણ જાણે ક્યાંથી આવ્યા, અને માઇકલે ઉછાળેલો બોલ ઉંધી બાજુ જતો રહ્યો, અને માર્કની ટીમના એક ખેલાડીએ એને રોક્યો અને બાસ્કેટમાં નાખી દીધો. અને એ રીતે રમત પૂરી થઇ ગઇ!



"હું દિલગીર છું! જો હું લાંબો હોત તો એવું ન થાત," ઘરે જતા રસ્તામાં માઇકલ એકધારો માફી માગતો રહ્યો. જોકે કોઇ એનાથી નારાજ ન હતું.



માઇકલના સૌથી મોટા ભાઇ રોનીએ એને દિલાસો આપવાની કોશિશ કરી, "જો, નાના ભાઇ, તું આજે સારું રમ્યો. ચિંતા નહીં કર. આપણે બીજી વાર જીતી જશું."

જયારે એ ઘરે પહોંચ્યા, તો માઈકલ રસોડામાં ઘુસ્યો, જ્યાં મમા રાતનું ખાવાનું બનાવી રહ્યા હતા. મમાએ જાણી લીધું કે માઈકલ આજે પણ નિરાશ છે.

"શું તમે લોકો આજે પણ હારી ગયા?" મમાએ પૂછ્યું.

માઈકલે હા માં માથું હલાવ્યું.

એ એક મિનિટ માટે ચૂપ બેસી રહ્યો. પછી બોલ્યો, "મમા, હું લાંબો કેવી રીતે થઇ શકું છું?"

મમાને ઘણા સવાલોના જવાબ આવડતા હતા. પણ આ સવાલ મુશ્કેલ હતો. એ થોડી પળ ચૂપ રહ્યા, એણે રંધાતી મુર્ગીમાં થોડું મીઠું અને મરી ભભરાવ્યા. પછી એણે સ્મિત કર્યું, માઈકલ તરફ જોયું અને કહ્યું, "મીઠું"

"મીઠું?" માઈકલે મમાને ઘૂર્યા.

"હા મીઠું, તારા બૂટમાં. આપણે તારા બૂટમાં મીઠું ભભરાવશું અને રાતે એક પ્રાર્થના કરશું. તને ખબર પડે એ પહેલા જ તું લાંબો થઈ જઈશ!" મમાએ જવાબ આપ્યો.

"મારા બૂટમાં મીઠું?" માઈકલ મનમાં બોલ્યો. મમા એને ચીડવી રહ્યા છે. એ બારીની બહાર જોઈને એ સમજવાની કોશિશ કરવા લાગ્યો કે બૂટમાં નાખેલું મીઠું એને લાંબા થવામાં કેવી રીતે મદદ કરશે.



માઈકલે મમાના બગીચામાં ઉગેલા ગુલાબના છોડ પર ધ્યાન આપ્યું. એ વાડ સુધી લાંબા થઈ ગયા હતા અને ઘણા રંગોમાં ઉગી રહ્યા હતા. એણે વિચાર્યું, મને યાદ છે જયારે મમાએ પહેલા-પહેલા આ છોડ વાવ્યા હતા. માઇકલનો ચહેરો ચમકી ઉઠયો. જો મમા આ છોડને લાંબા કરી શકે છે, તો કદાચ એ સાચું કહેતી હશે. બની શકે છે કે મારા બૂટમાં રાખેલું મીઠું લાંબા થવામાં મારી મદદ કરી શકે.

ઉત્તેજિત થઇને માઇકલ મમા તરફ ફર્યો અને ઘણા સવાલો પૂછવા લાગ્યો. "મમા, એમાં કેટલો સમય લાગશે? અને તમારા મત પ્રમાણે હું કેટલો લાંબો થઇ જઇશ?"

મમા હસી અને એની પાસે બેસીને એને સમજાવવા લાગ્યા. "આ નુસ્ખો કામ કરે એ માટે જરૂરી છે કે તું ધીરજ રાખે અને એ માને જે હું તને કહું, અને રોજ રાતે પ્રાર્થના કરે."

મમાની વાત ધ્યાનથી સાંભળ્યા પછી માઇકલે હા માં એનું માથું હલાવ્યું. "ઠીક છે, મમા, હું ધીરજ રાખીશ. પણ પ્રાર્થના કરવાનો આની સાથે શું સંબંધ છે?"

"બધું જ," મમાએ કહ્યું. ત્યારે મમાએ એને ગળે લગાવ્યો અને બોલ્યા, "હવે જઇને તારા હાથ-મોઢું ધોઇ લે. અને તારા ભાઇ-બહેનોને જમવા માટે તૈયાર થઇ જવાનું કહે."

માઇકલ ત્વરાથી રસોડામાંથી દોડયો, અને અંદર આવી રહેલા એના ડેડી સાથે ભટકાઇને એને લગભગ પાડી દીધા. "અરે, આને શું થયું?"

"એ જ જે હંમેશા થાય છે," મમા હસ્યા. "એ સ્વપ્નાનો પીછો કરી રહ્યો છે."

જમતી વખતે મમાએ જોયું કે માઇકલ કંઇ ખાઇ રહ્યો ન હતો. એ એના લાંબા થવાના સ્વપ્નામાં ખોવાઇ ગયો હતો.

"માઇકલ, પહેલી વસ્તુ પહેલા. જો તું ખાઇશ જ નહીં, તો લાંબો પણ થઇ શકીશ નહીં, ખાસ કરીને શાકભાજી," મમાએ કહ્યું.

"પણ મને ખરેખર ભૂખ જ નથી," એણે કહ્યું.

મમાએ ભવા ચઢાવીને એની સામે સખ્તાઇથી જોયું.

માઇકલે ધીમેથી એનો કાંટો ઉઠાવ્યો અને ખાવા લાગ્યો. પાંચ જ મિનિટમાં એની પ્લેટ સાફ હતી, અને એ વધારે ખાવાનું માગી રહ્યો હતો.



એ રાતે સૂતી વખતે માઇકલે એના મનગમતા બૂટ, દીવાલ પાસે લંબાઇ માપવાના ચાર્ટ પાસે રાખ્યા. એણે કપડાં બદલીને પ્રાર્થના કરી અને પથારીમાં કૂદી પડયો.

જયારે મમા રૂમમાં આવ્યા, તો માઈકલ ભરનીંદરમાં હતો. એનો ચહેરો જોઈને મમા સમજી ગયા કે એ સ્વપ્નામાં બાસ્કેટબોલ રમી રહ્યો હશે.

એની પથારી પાસે ઊભીને મમાએ માઇકલના બૂટમાં થોડું મીઠું નાખ્યું. એના માથા પાસે ઊભીને એક પ્રાર્થના કરી, જેમ એ એના દરેક બાળક માટે બોલતા હતા.

"હે પ્રભુ! માઈકલની મદદ કરો. એ જેટલો શ્રેષ્ઠ બની શકે છે, એટલો બને અને જે કંઇ પણ કરે એ શ્રેષ્ઠ રીતે કરી શકે! અને પ્રભુ! શું તમે એને કાલે આજ કરતા થોડો વધારે લાંબો કરી શકો છો? આભાર!"

એ રાત પછી માઈકલ જ્યાં પણ જતો એના મનપસંદ બૂટ પહેરીને જતો, ચર્ચમાં જવા માટે પણ. એણે એના ભાઈઓ સાથે શનિવારે પાર્કમાં જવાનું પણ બંધ કરી દીધું. એ ઘરે જ રહેતો અને અભ્યાસ કરતો. પાર્કમાં ફરી જતા પહેલા એ થોડો વધારે લાંબો થવા ચાહતો હતો.





બે મહિનાના અભ્યાસ, ધીરજથી રાહ જોવી, અને પ્રાર્થના કર્યા પછી માઇકલ લંબાઇ માપવાના ચાર્ટ પાસે ઉભો રહ્યો. એ એક ઇંચ પણ લાંબો થયો ન હતો. એ નિરાશ જરૂર થયો, પણ એણે એનો ભરોસો છોડયો નહીં. મારે સમય આપવો પડશે જેમ મમાએ કહ્યું હતું, માઇકલે મનમાં વિચાર્યું. અને એણે એવું જ કર્યું.

અભ્યાસ કરવામાં બીજા બે મહિના વીત્યા. પણ તો પણ કંઇ પરિણામ ન આવ્યું. હવે માઇકલ ઉદાસ થઇ ગયો. ન કેવળ એ લાંબો થયો ન હતો, પણ એને લેરી અને રોની સાથે ન રમવાની ખોટ પણ સાલી રહી હતી. બસ એક જ વસ્તુ હતી જેની ઓછપ એને ન લાગી, અને એ હતી માર્કની સતામણી.

બીજા શનિવારે પણ ભાઇઓએ માઇકલને સાથે લઇ જવા કોશિશ કરી. પણ એ ટસ નો મસ ન થયો. મમાને ચિંતા થવા લાગી હતી. જયારે એણે માઇકલને એકલો પગથિયાં પર બેસેલો જોયો, એણે ડેડીને કહ્યું, "કદાચ તમારે બહાર જઇને માઇકલ સાથે વાત કરવી જોઇએ."





ડેડી બહાર ગયા અને માઈકલ પાસે બેઠા.

"શું વાત છે, દીકરા? તું તારા ભાઈઓ સાથે ઘણા દિવસોથી પાર્ક ગયો જ નથી. તું ઠીક છે ને?"

માઈકલ પહેલા તો ચૂપ રહ્યો. પછી ડેડી તરફ ફરીને બોલ્યો, "મેં વિચાર્યું હતું કે અત્યાર સુધીમાં ઓછામાં ઓછું થોડી ઇંચ તો લાંબો થઈ જઈશ. તમને ખબર છે મેં એ બધું કર્યું જે મમાએ કહ્યું હતું. પણ એનું કોઈ પરિણામ ન મળ્યું."

"માઈકલ, તું લાંબો થવા કેમ ચાહે છે?" ડેડીએ પૂછ્યું.

"જો હું લાંબો થઈ જાઉં તો એક મહાન ખેલાડી બનું શકું અને મારી ટીમને જીતવામાં મદદ કરી શકું," માઈકલે જવાબ આપ્યો.

"પણ દીકરા, તું તો આમ પણ મહાન ખેલાડી છે. અને જીતવા માટે જે કંઇ પણ જોઈએ, એ તો તારી પાસે પહેલેથી અહીં છે," ડેડીએ એની છાતી પર હાથ રાખીને કહ્યું. "લાંબા થવાથી કદાચ તું વધારે સારી રીતે રમી શકીશ, પણ એનાથી એટલો ફરક નહીં પડે, જેટલો અભ્યાસ અને સંકલ્પથી પડે છે. એ જ તને સાચો વિજેતા બનાવી શકશે."

માઈકલે ડેડીની વાત પર એક મિનિટ માટે વિચાર્યું. પછી ઉછળીને ઉભો થયો અને દોડવા લાગ્યો.

"અરે, દોડીને ક્યાં જઈ રહ્યો છે?" ડેડીએ પાછળથી હાકલ કરી.

"આજે એક રમત છે અને મને પહેલા જ મોડું થઈ ગયું છે," માઈકલે ચીસ પાડીને જવાબ આપ્યો.





જયારે માઇકલ પાર્ક પહોંચ્યો, ત્યારે રમત શરુ થઇ ગઇ હતી. એ એવી આશામાં બેન્ચ પર બેસી ગયો કે કદાચ એને રમવાનો મોકો મળે. અને મોકો થોડી વારમાં મળ્યો પણ ખરો. રમત પૂરી થવામાં હતી અને બન્ને ટીમનો સ્કોર બરાબર હતો. એટલામાં માઇકલની ટીમનો એક ખેલાડી, જોન, પડી ગયો. એના પગમાં ઇજા થઇ ગઇ હતી.

આ જ માઇકલનો મોકો હતો.





હવે માઇકલ એની ટીમના ખેલાડીઓ સાથે એક ગુપ્ત સંતલસ માટે હદની લીટીની બહાર ઉભો હતો.

"બધા સાંભળો, અત્યારે આપણે બરાબર છીએ. આપણે જીતવા માટે બસ એક જ પોઇન્ટની જરૂર છે. બોલો કોણ બાસ્કેટમાં બોલ ઉછાળશે?" રોનીએ માઇકલ તરફ જોતા પૂછ્યું. માઇકલમાં આત્મ-વિશ્વાસ ભર્યો હતો. એણે કહ્યું, "હું એ કરીશ."



સિટી વાગી અને રમત ફરી શરુ થઈ. માર્ક દર વખતની જેમ માઇકલ પર રોફ જમાવવા લાગ્યો.

"અરે તું હજી પણ મોટા છોકરાઓ સાથે રમવાની કોશિશ કરી રહ્યો છે?" માર્કે મહેણું માર્યું.

પણ માઈકલે એના તરફ જરાય ધ્યાન આપ્યું નહીં. એ લાંબો ભલે ન હોય, પણ એકધારો અભ્યાસ કરતો રહ્યો હતો. અને આજે તો એણે જીતવાનો સંકલ્પ કરી લીધો હતો.

લેરીએ બોલ માઇકલ તરફ ઉછાળ્યો. માઇકલે એને પકડયો, એક પળ માટે એને જમીન પર ઉછાળ્યો, અને એને લઈને આગળ દોડવા લાગ્યો.



જેવો એ માર્ક પાસે પહોંચ્યો, માઈકલ જમણી વાજું વળ્યો. માર્ક પણ એની સાથે જમણી બાજુ સરક્યો. ત્યાં માઈકલ સ્ફૂર્તિથી માર્કની ડાબી બાજુ ફર્યો, અને માર્કની પાછળથી બોલ ઉછાળ્યો. બોલ બીજી ટીમના ખેલાડીઓના માથા ઉપર થઈને સીધો હૂપ (ગોળ પટ્ટી) માંથી પસાર થયો. બે પોઇન્ટ! રમત પૂરી થઈ. માઈકલની ટીમ જીતી ગઈ હતી!



એ બધું એવી જ રીતે થયું હતું જેવી રીતે માઈકલ કલ્પના કરતો રહ્યો હતો. જયારે એને ખ્યાલ આવ્યો કે એણે શું કરી દેખાડયું છે, એ પાર્કમાંથી દોડયો અને ઘરે પહોંચ્યા સુધી ક્યાંય રોકાયો નહીં.

દરવાજાની અંદર ઘૂસતા જ એણે ચીસ પાડી, "ડેડી, મેં કરી દેખાડયું. મેં મારાથી લાંબા છોકરાના માથા પરથી બોલ ઉછાળ્યો અને જીતી ગયો."

રોની અને લેરી પણ એની પાછળ દોડીને આવ્યા અને જીતની ખુશીમાં સામેલ થઇ ગયા. "ખરું છે, નાના ભાઇ, તે કરી દેખાડયું. તેં જ અમારા માટે રમત જીતી."



માઈકલને યાદ આવ્યું કે રોનીએ કેવી રીતે એની સામે જોયું હતું. એણે કહ્યું, "નહીં, રમત તો આપણે બધાએ જીતી છે. પણ મુખ્ય ભાગ તો મેં જ ભજવ્યો!"

બધા હસી પડયા.

એ દિવસ પછી મમાએ માઇકલના બૂટમાં મીઠું નાખવાનું બંધ કરી દીધું. પણ માઈકલે ધીરજ રાખવાનું, મહેનત કરવાનું, અને પ્રાર્થના કરવાનું બંધ ન કર્યું.





એટલે શક્ય છે કે એ જ કારણ હોય કે માઈકલ છ-ફીટ-છ-ઇંચ-લાંબો બાસ્કેટબોલનો સુપરસ્ટાર બની શક્યો.

માઈકલ જોર્ડન

આ નામના ઉલ્લેખ માત્રથી બધાના મનમાં બાસ્કેટબોલની ઉત્કૃષ્ટ રમતોના પ્રત્યક્ષ માનસિક ચિત્રો ખડા થઈ જાય છે. પણ જયારે માઈકલ નાના હતા ત્યારે એણે એના બાસ્કેટબોલના સ્વપ્ના લગભગ ત્યાગી દીધા હતા. કારણકે એને લાગવા લાગ્યું હતું કે એ રમત રમી શકવા માટે જોઇએ એટલા લાંબા ન હતા, જે રમતે પછી એને આટલી ખ્યાતિ આપી. એ નિરાશાના સમયમાં એની માઁ અને પિતા આગળ આવ્યા અને એ અમૂલ્ય શિખામણો આપી જે વિજેતા બનવા માટે મદદરૂપ થાય છે - ધૈર્ય, દ્રઢ સંકલ્પ અને સખત મહેનત.

ડેલોરીસ જોર્ડને, જે માઈકલની માઁ છે, માઈકલની બહેન રોઝલિન સાથે આ મર્મસ્પર્શી અને પ્રેરણાદાયી સત્યકથાને રચી, જે કેવળ જોર્ડન પરિવાર જ સંભળાવી શકતો હતો. આ વાર્તા વિશ્વાસ અને આશાની છે. એ આપણને શીખ આપે છે કે કેવી રીતે કોઇ પરિવાર સાથે મળીને કોઇ બાળકને એના સ્વપ્ના સાકાર કરવામાં મદદ કરી શકે છે.